# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી
અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

#AmritMahotsav

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે
ટેલીગ્રામ અથવા વોટ્સએપ ગ્રુપમાં જોડાવા અંતિમ પેજની મુલાકાત લો


અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૩૯-સ/૨૦૨૧
તા. ૧૭-૦૫-૨૦૨૧, ૧૦: ૦૦
(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )

## તૌક્તે (તૌ'તે) વાવાઝોડાના અનુસંધાને હવામાન ચેતવણી

- પૂર્વ સેન્ટ્રલ અરબી સમુદ્ર ઉપર ખૂબ જ તીવ્ર ચક્રવાત વાવાઝોડું "તૌક્તે" (તૌ'તે પણ બોલી શકાય) પાછલા ૦૬ કલાક દરમિયાન આશરે ૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશામાં સ્થળાંતર કર્યું છે, એકદમ તીવ્ર ચક્રવાત વાવાઝોડામાં પરિવર્તિત થયું અને તા. ૧૭ મે ના ૦૯:૩૦ કલાકે પૂર્વ કેન્દ્રીય અરબી સમુદ્ર પર જોવા મળેલ.
- જેનું કેન્દ્ર કે જે તેની આંખ તરીકે ઓળખાય છે એ ઉના તાલુકાના દરિયા કિનારા થી ફક્ત ૨૦૦ કિમી દુર છે. જે સાંજે ૧૯:૦૦ થી ૨૧:૦૦ કલાકની વચ્ચે લેન્ડ ફોલ કરે તેવી શકયતા છે.
- **લેન્ડ ફોલ થવાના પહેલા** એટલે કે બપોર બાદ અંદાજીત ૧૩:૦૦ કલાક બાદ આની અસર વધુ જોવા મળશે. વેરાવળ, ઉના, જાફરાબાદ અને મહુવા તાલુકા ના દરિયા કાંઠા ના વિસ્તારોમાં ૬૦ થી લઈને ૮૦ કિમી/કલાક સુધી ની પવનની ગતિ થવાની શકયતા છે. અને આંચકાનો પવન એ ૧૦૦ થી ૧૨૦ કિમી/કલાકની ગતિ સુધી થવાની શકયતા છે.
- **લેન્ડ ફોલ થયા બાદ** આ ચક્રવાતનો સંભવિત પથ ઉના, તુલસીશ્યામ, ધારી, બગસરા,

અમરેલી, બાબરા અને જસદણ રહેશે. લેન્ડ ફોલ થયા બાદ (૧૯:૦૦ કલાક બાદ) આ ચક્રવાતમાં પવનની ગતિ ૭૦-૧૦૦ કિમી/કલાક આંચકાના પવનની ગતિ ૧૦૦-૧૩૦ કિમી/કલાક સુધી થવાની શકયતા છે.

- **વરસાદ:** લેન્ડ ફોલ થયા પહેલા ૪ થી ૫ કલાક પહેલા અને ૪ થી ૫ કલાક બાદ અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જીલ્લાની મોટાભાગની જગ્યાઓ પર મધ્યમથી ભારે, ઘણી જગ્યાઓ પર ભારે થી આથી ભારે અને અમુક જગ્યાઓ પર અતિભારે થી અત્યંત ભારે વરસાદની શક્યતા છે.




## કૃષિ સલાહ

- ચક્રવાત (સાયક્લોન)ની આગાહી હોવાને લીધે ૮૦% પાક ઉપર આવેલા ઉનાળુ પાકની કાપણી કરી લેવી.
- ખેતરમા ખુલ્લામા પડેલ બાજરી જુવાર કે અન્ય ચારાને પણ સલામત જગ્યાએ સંગ્રહવાની

વ્યવસ્થા કરવી.

- બાગાયતી પાકોની જાળવણી માટે લાકડાના ટેકા મુકવા.
- કાપણી કરેલ પાકને સલામત જગ્યાએ પહોચાડવો.
- શેરડીના પાકમાં આજુબાજુના સાંઠાઓને બાંધી દેવા જેથી પવન સામે ટકી શકે.
- પશુઓના શેડની બરાબર ચકાસણી કરી લેવી, અને ઉડી ન જાય તેની કાળજી રાખવી.
- પશુઓને ખુલ્લામા ઇલેકટ્રીક થામ્ભલા સાથે કે ઝાડ નીચે ન બાંધતા સલામત જગ્યાએ રાખવાની વ્યવસ્થા કરવી.
- જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો નહિ.
- ભવિષ્યમાં પવનને કારણે નુકસાન ના થાય તે માટે ખેતર ફરતે પવનરોધક વૃક્ષો જેવા કે નીલગીરી, સરુ વગેરે ઉગાડવા.

**નિલેશ હડિયા**
વિષય નિષ્ણાંત (કૃષિ
હવામાનશાસ્ત્ર)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ
યુનિવર્સીટી,
અમરેલી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના હવામાન આધારિત કૃષિ સલાહ અંગેના તાલુકા મુજબના વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે તમારા તાલુકા પર ક્લિક કરો.



# District Agrometeorological Unit (DAMU)

## Gramin Krishi Mausam Seva (GKMS)
## Krishi Vigyan Kendra
## Junagadh Agricultural University

**Amreli-365601**

**Phone: 02792-227122**

**#AmritMahotsav**

**Join our Telegram channel and Block wise WhatsApp groups**


**Amreli District Agromet Advisory Service bulletin. No. 39S (2021)**

**Date:17-05-2021**

**(Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department)**

## Weather Warning regarding TAUKTAE (TAU'TE)

- A very strong cyclonic storm "Touktae" (also called Tau 'in the East Central Arabian Sea) has moved to the north-west at a speed of about 20 km per hour during the last 06 hours, turning into a very strong cyclone and Found on the east-central Arabian Sea at 09:30 on May 17.
- It's centre which is known as its eye is only 200 km away from the coast of Una taluka. Which is likely to land between 19:00 and 21:00 in the evening.
- The effect will be more pronounced before the land fall, i.e. after about 13:00 noon. The coastal areas of Veraval, Una, Jafrabad and Mahuva talukas are likely to experience wind speeds of 60 to 80 km/hr. And Wind Gusts are likely to reach speeds of 100 to 120 km / h.
- After the landfall, the probable path of the cyclone will be Una, Tulsishyam, Dhari, Bagasara, Amreli, Babra and Jasdan. After the landfall (after 19:00 hours) the wind speed in this cyclone is likely to be 70-100 km / h., and wind gust likely tobe 100-130 km/h
- Rainfall: 4 to 5 hours before and 4 to 5 hours after the landfall. Moderate to heavy rain is expected in most parts, heavy to very heavy in many places, and very heavy to extremely heavy rainfall very likely over Amreli, Junagadh, Gir Somnath and Bhavnagar districts.




## Agro-Advisory

- Due to forecast of cyclone early harvesting of crops, if 80% matured.
- Transfer harvested fodders in safer place from the open field immediately.
- Storing of harvested produce in safer place.
- Repairing of irrigation canals and embankments of rivers in the risk zone to avoid breaching.
- Arrangement of extensive drainage facilities in the fall out areas.
- Do not keep animals under the trees and open field.
- In case of horticulture crops provide mechanical support to plants to avoid lodging and being uprooted.
- Plantation and grow windbreaks trees on border to prevent loss by the high winds.

**Nilesh Hadiya**
**SMS (Agrometeorology)**
**KVK, JAU, Amreli**